**નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું**

મુખ્ય નગર નિયોજકની કચેરી

ગુજરાત રાજ્ય

સેક્ટર-૧૦/એ, રોડ નં. ૩, ગાંધીનગર-૩૮૨૦૧૦


પત્ર ક્રમાંક: દ.ગુ./સુરત/સુડા/૪૧(૧)/નરયો નં. ૬૨/બ (સા.નિ.)/ ૪૫૩૪ તા. ૨૦/૧૧/૨૦૨૩

Jovt 156

25

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી

સુરત શહેરી વિકાસ સત્તામંડળ

સુરત

વિષય:- સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૨/બ (સાબરગામ-નિયોલ) તૈયાર કરવાના કામે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ ની પેટા કલમ (૧) હેઠળ પરામર્શ આપવા બાબત.

સંદર્ભ:- આપશ્રી ના તા.૧૨/૧૦/૨૦૨૩ ના પત્ર નં. સુડા યુ-૩ સુચિત નગર રચના યોજના નં. ૬૨-બ (સાબરગામ-નિયોલ)/૧૬૫૨૯

શ્રીમાન,

ઉપરોકત વિષયાન્વયે આપશ્રી ધ્વારા સંદર્ભ હેઠળના પત્રથી સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૨/બ (સાબરગામ-નિયોલ) ના હદ-વિસ્તાર પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ પરામર્શ/ અનુમોદન મેળવવા દરખાસ્ત પાઠવેલ છે. જે અન્વયે નીચેની શરતોને આધીન હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવે છે.

૧. સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬૨/બ (સાબરગામ-નિયોલ) ના વિસ્તાર પુરતુ સક્ષમ અધિકારીશ્રી/ ડી.આઇ.એલ.આર.શ્રી નું નિમતાણું મેળવી લેવાનું રહેશે.

૨. Urban Flooding હાલના સમયમાં શહેરોને સ્પર્શતી મુખ્ય સમસ્યાઓ પૈકીની એક છે. તેથી જરૂર જણાય તો સુચિત હદ-વિસ્તારનો ટોપોગ્રોફી સર્વે (Contour Survey) કરાવી આયોજન કરવું હિતાવહ જણાય છે. તેમજ સદર બાબતે યોજનાના સાહિત્યમાં ઉચિત વર્ણન કરવું.

૩. સુચિત નગર રચના યોજનામાં આવતા હયાત તળાવ તેમજ જળપ્રવાહોને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેના મુળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.

૪. સુચિત નગર રચના યોજનામાંથી પસાર થતા વિકાસ યોજનાના રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાના રહેશે.

૫. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાના રસ્તાઓની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોક્સાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.

૬. વિકાસ યોજનાના જે તે ઝોનમાં સમાવિષ્ટ મુળખંડને તે જ ઝોનમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.


SUDA - SURAT
Inward No.: ૨૩૨૪૨
Dt. 21 NOV 2023
Branch: યુ.3


11/12/23 D.P cell

ATP Gaurav

22/11 23/11 23/11 TPશ્રી

૭. સુચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોની જેમ સમાન ધોરણે કપાત કરી, તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી કરવાની રહેશે.

૮. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરય-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

બિડાણ: ઉપર મુજબ

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના, પ્રતિ,

નગર નિયોજકશ્રી, સુરત શાખા કચેરી, સુરત તરફે જાણ સારૂ.